Sandesh

EDI

June 21, 2015
Page No. 11

### ઉચ્ચ શિક્ષણને મજબૂત કરીને ક્વોલિટી એજ્યુકેશન પર ભાર મૂકો

# ઉદ્યોગ સાહસિકતાનું જ્ઞાન શાળા કક્ષાએથી આપવું જોઈએ : કલામ




અમદાવાદ, તા.૨૦

'આંત્રપ્રિન્યોરશિપનું જ્ઞાન આપણે ત્યાં સ્કૂલથી હોવો જોઈએ. કારણ કે, ઉદ્યોગ સાહસિકતાની બાબત બાળકને નાનપણથી શીખવશો ત્યારે તેનું ફળ તમને આવનારા સમયમાં મળશે. સાથે જ આપણી હાયર એજ્યુકેશનને મજબૂત કરીને ક્વોલિટી એજ્યુકેશન તરફ ધ્યાન આપવાની જરૂર છે. સિલેબસમાં અમુક પ્રકારના ફેરફારો તમારે લાવવા જોઈશે.' આ શબ્દો છે ભારતના મિસાઈલ મેન અને આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે અબ્દુલ કલામના.

આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયામાં 'આશ્રય' ટેક્નો સોશિયલ ઈક્યુબેટર સેન્ટરનો પ્રારંભ ડૉ. એપીજે અબ્દુલ કલામના હસ્તે કરવામાં આવ્યો હતો. જ્યાં તેમણે સ્ટુડન્ટ્સની સાથે યંગ આંત્રપ્રિન્યોર્સ સાથે પોતાની વાત શેર કરી હતી.

તેમણે પોતાની સ્પિચની શરૂઆત કરતા જ જણાવ્યું હતું કે, હું નથી જાણતો કે તમે કેવા બેક ગ્રાઉન્ડથી છો, પણ હું માનું છું કે તમે આંત્રપ્રિન્યોર્સ અને ઈનોવેશન સાથે જોડાયેલા હશો. તેમણે જણાવ્યું હતું કે મિશન ૨૦૨૦ તો સફળ થશે જો આપણે આંત્રપ્રિન્યોર્સમાં વધારો કરીએ. આપણે ત્યાં દુનિયાની સારી અને જાણીતી એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ આવેલી છે. પરંતુ આપણે ત્યાં ઉદ્યોગસાહસિકતાના ગુણો સ્કૂલ સમયથી આપવા જોઈએ. સાથે જ ક્વોલિટી એજ્યુકેશન પર ભાર આપવો પડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આંત્રપ્રિન્યોરશિપ એ આર્થિક વિકાસ માટે મહત્ત્વનો ચાલક બળ છે. ભારતમાં આજે પણ કરોડો યુવાનો બેરોજગાર છે. આપણે એવા એજ્યુકેશન તરફ ધ્યાન આપવું પડશે જેનાથી આ યુવાનોની જોબ અપોર્ચ્યુનિટી વધશે. સાથે જ આર્થિક સ્થિરતા માટે પણ આંત્રપ્રિન્યોરશિપ મહત્ત્વનો ભાગ છે. આજે દરેક દેશ પોલ્યુશન, પોવર્ટી વગેરે મુદ્દાઓનો સામનો કરી રહ્યો છે.